**મે.વડોદરાના ૧૦માં જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, વડોદરા.**

GJVD020013342026

**ગુ.મુ.નં. ૧૦૭૫/૨૦૨૬**

**આંક –**

**ફરિયાદી – શ્રી સરકાર**

**વિરૂઘ્ઘ**

**આરોપી– કેવલભાઈ પ્રવિણભાઈ પરમાર**

**–::જજમેન્ટ::–**

આ કામે ફરીયાદપક્ષે આરોપી ઉપર **બી.એન.એસ.– ૨૮૫** મુજબના ગુનાનો આરોપ મુકેલો છે. આ ગુનાના આરોપીને સમન્સ કરતાં આરોપી હાજર થયેલા તેમને **બી.એન.એસ.એસ.ની કલમ – ૨૩૦** મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડતાં આરોપીએ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરી ગુના કબુલાત પુરશીશ કામમાં દાખલ કરેલી છે. તે રીતે આરોપીનું પ્રાથમિક નિવેદન લેતાં આરોપીએ સ્વૈચ્છીક રીતે ગુનાનો સ્વીકાર કરી એવી રજુઆત કરી છે કે, તેઓનો હાલનો પ્રથમ ગુનો છે. તેમની આર્થિક પરિસ્થિતિ ખુબ જ નબળી છે. હવે પછી આ પ્રકારની ભુલ કરશે નહીં. દયા કરી તેમને હળવી રકમનો દંડ કરવા અરજ કરેલ છે. આરોપી તેની સામેના આક્ષેપોનો સ્વીકાર કરતા હોય, આ ગુનાની કબુલાત સ્વૈચ્છીક હોવાની ખાતરી કરેલ છે.આરોપી ગુનાનો સ્વીકાર કરતા હોય તેમને તકસીરવાનઠરાવ્યા સીવાય પરિસ્થિતિ સમક્ષ નજર રાખતા આરોપીને હળવી રકમનો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ સરે તેમ છે. તે જ રીતે, **નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદા STATE OF GUJARAT V/S NATVARN HARKHACHANDJI THAKOR 2005(1) = G.L.P.709: 2005(1) GCD 749** માં ઠરાવેલ સિધ્ધાંતો નજર સમક્ષ રાખતાં કાયદામાં ઠરાવેલ લઘુતમ સજા કરતા પણ ઓછી સજા ખાસ સંજોગોમાં અદાલત કરી શકે છે તેવું ઉપરોકત ચુકાદામાં ઠરાવેલું છે. જે મુજબ નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**::હુકમ::**

**<u>મે.વડોદરાના ૧૦માં જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, વડોદરા.</u>**

1. આ કામના આરોપીને **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–2023 ની કલમ–૨૭૫ અન્વયે બી.એન.એસ.–૨૮૫** ના ગુનામાં તકસીરવાન ઠરાવી દરેક ગુનામાં આરોપીને **૨,૫૦૦ રૂ./–(અંકે રૂ. પચીસો પુરા)** નો દંડની સજાનો હુકમ ફરામાવવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો **દિન– ૨૫** ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

હુકમ આજરોજ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૪/૦૩/૨૦૨૬
વડોદરા

(એસ.આર.આહુજા)
૧૦માં જ્યુડી.મેજી.ફ.ક.
વડોદરા.
કોડ નં. જીજે–૦૧૭૪૨

રૂપિયા:–............
પાવતી નં:– ............
તારીખ :– ............
નાઝીર